સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

## ICE CURRENT NEWS


YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.



**સંપાદક**

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[AUGUST-2019]
[11/08 to 17/08]

# WEEK-33

## CURRENT TOPIC

- ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટેની નીતિ 2019
- ભારતમાં જળ સંચય માટે ‘સમગ્ર શિક્ષા જલ સુરક્ષા’ કાર્યક્રમ લોન્ચ
- સાઉદી અરામ્કો 15 અબજ ડોલરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો 20 ટકા હિસ્સો ખરીદશે
- ગુજરાત સરકારની ‘શોધ યોજના’ની જાહેરાત
- ભારતની ચાર નવી પ્રોડક્ટને GI ટેગ અપાયો
- ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા શ્રી વિક્રમ સારાભાઈની જન્મશતાબ્દીની ઉજવણીનો પ્રારંભ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 11 AUGUST, 2019 SUNDAY

## ➤ ભારતમાં જળ સંચય માટે 'સમગ્ર શિક્ષા જલ સુરક્ષા' કાર્યક્રમ લોન્ચ



ભારતમાં કેન્દ્ર સરકારના <u>માનવ સંસાધન વિકાસ મંત્રાલય</u> દ્વારા તાજેતરમાં <u>'સમગ્ર શિક્ષા જલ સુરક્ષા'</u> કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં <u>સ્કૂલના બાળકોમાં જળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો</u> છે.
- આ ઉપરાંત આ કાર્યક્રમનો અન્ય એક ઉદ્દેશ <u>'જળ શક્તિ અભિયાન'</u> અંતર્ગત <u>'જળ સંચય' અભિયાનને વેગ આપવાનો</u> છે.

### લક્ષ્ય

- 'સમગ્ર શિક્ષા જલ સુરક્ષા' કાર્યક્રમ અંતર્ગત આ પ્રમાણેનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
  (1) એક વિદ્યાર્થી – <u>દરરોજ 1 લિટર</u> પાણી બચાવે
  (2) એક વિદ્યાર્થી – <u>એક વર્ષમાં 365 લિટર</u> પાણી બચાવે
  (3) એક વિદ્યાર્થી – <u>10 વર્ષમાં 3650 લિટર</u> પાણી બચાવે

### કાર્યક્રમનું અમલીકરણ

આ કાર્યક્રમનું અમલીકરણ ભારત સરકારના <u>માનવ સંસાધન વિકાસ મંત્રાલય</u> અંતર્ગતના <u>શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ</u> દ્વારા કરવામાં આવશે.

### જળ શક્તિ અભિયાન શું છે ?

1 જુલાઈ 2019ના રોજ કેન્દ્રીય પ્રથમ જળ શકિત મંત્રી <u>શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત</u> દ્વારા <u>'જળ શકિત' અભિયાન</u> લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતમાં <u>જળ સંરક્ષણ તથા જળ સુરક્ષા</u>ના ઉદ્દેશથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ‘જળ શક્તિ’ અભિયાનની વિશેષતા

(1) ભારતમાં 1 જુલાઈ, 2019થી 15 સપ્ટેમ્બર 2019 સુધી લોક ભાગીદારીથી આ અભિયાન ચલાવવામાં આવશે.

(2) કેટલાક રાજ્યોમાં 1 ઓક્ટોબર, 2019થી 30 નવેમ્બર 2019 સુધી આ અભિયાનના બીજા ચરણનું આયોજન કરવામાં આવશે.

(3) આ અભિયાનમાં પાણીની અછતવાળા 256 જિલ્લાઓના 1,592 બ્લોક પર ફોકસ કરવામાં આવશે.

(4) ભારત સરકાર તથા રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયોના સામુહિક પ્રયાસોથી આ અભિયાન ચલાવવામાં આવશે. જેમાં વિવિધ મંત્રાલયોના સમન્વયનું કાર્ય ભારત સરકારના ‘પેયજળ (પીવાનું પાણી) અને સ્વચ્છતા વિભાગ’ દ્વારા કરવામાં આવશે.

(5) આ અભિયાનના વ્યાપક પ્રચાર પ્રસાર માટે સ્કૂલ–કોલેજના વિદ્યાર્થીઓ, NGO, પંચાયતી રાજ સંસ્થાના સભ્યો, યુવા જૂથો, સંરક્ષણ કર્મચારીઓ, ભૂતપૂર્વ સૈનિકો તથા પેન્શનરોને આ અભિયાનમાં જોડવામાં આવશે.

## આ અભિયાન અંતર્ગત કયા ક્ષેત્રમાં કામ કરવામાં આવશે ?

જળ શક્તિ અભિયાન હેઠળ મુખ્યત્વે પાંચ ક્ષેત્રોમાં કામ કરવામાં આવશે :

(1) પાણી સંરક્ષણ અને વરસાદી પાણીનો સંગ્રહ

(2) પરંપરાગત અને અન્ય જળાશયોનું રિનોવેશન

(3) રિયુઝ, બોરવેલ રિચાર્જ સ્ટ્રક્ચર્સ

(4) વોટરશેડ ડેવલપમેન્ટ

(5) સઘન વનીકરણ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXA

**નોંધ :** (1) ‘જળ શક્તિ’ અભિયાનના પ્રચાર માટે તાજેતરમાં ફિલ્મ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચન અને શ્રી આમિર ખાને પોતાનો શોર્ટ વીડિયો મેસેજ લોન્ચ કર્યો હતો.

(2) ‘જળ શક્તિ’ અભિયાનની થીમ અથવા તો સૂત્ર ‘સંચય જલ, બેહતર કલ’ છે.



ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

# સ્પેશિયલ બેચ

ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount

ફ્રી ટ્રાયલ લેક્ચર
03/09/19
સવારે / સાંજે

50% Discount
85% થી વધુને

20% Discount
70% થી વધુને

10% Discount
40% થી વધુને

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ,
તિરૂપતી પેટ્રોલ પંપ સામે,
સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ICE ? Questions

1. ભારતમાં સ્કૂલના બાળકોમાં 'જળ સંચય' અંગે જાગૃતિ લાવવા માટે કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં કયો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?

(A) સમગ્ર શિક્ષા જલ સુરક્ષા  (B) સમગ્ર શિક્ષા જલ સંચય
(C) સમગ્ર શિક્ષા જલ વ્યય  (D) ત્રણમાંથી કોઈ નહિ

**(A)**

2. કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'સમગ્ર શિક્ષા જલ સુરક્ષા' કાર્યક્રમમાં કયું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ?

(A) એક વિદ્યાર્થી દરરોજ 1 લિટર પાણી બચાવે
(B) એક વિદ્યાર્થી એક વર્ષમાં 365 લિટર પાણી બચાવે
(C) એક વિદ્યાર્થી 10 વર્ષમાં 3650 લિટર પાણી બચાવે
(D) ઉપરોક્ત ત્રણેય

**(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. ભારતમાં જળ સંરક્ષણ તથા જળ સુરક્ષા માટે 1 જુલાઈ 2019ના રોજ ભારત સરકાર દ્વારા કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) જળ સંરક્ષણ (B) જળ સુરક્ષા (C) જળ શક્તિ (D) જળ ક્રાન્તિ **(C)**

4. ભારતમાં જળ સંરક્ષણ તથા જળ સુરક્ષા માટે 1 જુલાઈ 2019થી કયાં સુધી 'જળ શક્તિ' અભિયાનના પ્રથમ ચરણનું આયોજન કરવામાં આવ્યું છે ?
(A) 1 ઓગસ્ટ, 2019 (B) 15 ઓગસ્ટ, 2019
(C) 1 સપ્ટેમ્બર, 2019 (D) 15 સપ્ટેમ્બર, 2019 **(D)**

5. ભારત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'જળ શક્તિ' અભિયાન અંતર્ગત મુખ્ય ફોકસ શેના પર રાખવામાં આવશે ?
(A) પાણીની અછતવાળા રાજ્યો
(B) પાણીની અછતવાળા ગામડાઓ
(C) પાણીની અછતવાળા ગામડાઓ અને શહેરો
(D) પાણીની અછતવાળા 256 જિલ્લાઓના 1,592 બ્લોક **(D)**

6. ભારત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'જળ શક્તિ' અભિયાનના સમન્વયનું કાર્ય ભારત સરકારના કયા વિભાગ દ્વારા કરવામાં આવશે ?
(A) જળ શક્તિ (B) કૃષિ અને ગ્રામીણ વિકાસ
(C) પેયજળ અને સ્વચ્છતા (D) માનવ સંસાધન વિકાસ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 12 AUGUST, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 12 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 ઓગસ્ટના રોજ 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો પ્રારંભ 12 ઓગસ્ટ, 2000થી થયો છે.
- વર્ષ 2019ની આંતરરાષ્ટ્રીય યુવા દિવસની થીમ 'Transforming Education' છે.

### ➤ ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા શ્રી વિક્રમ સારાભાઈની જન્મશતાબ્દીની ઉજવણીનો પ્રારંભ



12 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના અમદાવાદ ખાતે ડો. વિક્રમ સારાભાઈ દ્વારા સ્થાપિત ઈસરોના ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ અને ડિપાર્ટમેન્ટ ઓફ એટમિક એનર્જી દ્વારા સંયુક્તપણે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ કાર્યક્રમમાં ઈસરોના અધ્યક્ષ શ્રી કે. સિવન ઉપસ્થિત રહ્યા હતા.
- જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ કાર્યક્રમને વીડિયો મેસેજ દ્વારા સંબોધન કર્યું હતું.
- 12 ઓગસ્ટ, 2019ના રોજ અમદાવાદના યુનિવર્સિટી કોન્વેન્શન હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારી શ્રી વિક્રમ સારાભાઈની જન્મશતાબ્દીની ઉજવણીની શરૂઆત થઈ છે.

## શ્રી વિક્રમ સારાભાઈ

**ભારતીય અવકાશ કાર્યક્રમના જનક શ્રી વિક્રમ સારાભાઈ**નો જન્મ 12 ઓગસ્ટ, 1919ના રોજ ગુજરાતના **અમદાવાદ** ખાતે એક સમૃદ્ધ **જૈન પરિવાર**માં થયો હતો.

- તેમનું પૂરું નામ **શ્રી વિક્રમ અંબાલાલ સારાભાઈ** છે.
- તેઓ ભારતના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક, ભૌતિકશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી હતા.
- તેમણે 1947માં બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં **'કોસ્મિક રે ઈન્વેસ્ટિગેશન ઈન ટ્રોપિકલ લેટીટ્યૂડ્ઝ'** વિષય પર શોધ નિબંધ રજૂ કરીને Ph.dની પદવી પ્રાપ્ત કરી હતી.

## તેમણે સ્થાપેલી સંસ્થા

તેમણે લગભગ 86 જેટલા વૈજ્ઞાનિક શોધ પત્રો લખ્યા હતા અને ભારતમાં આશરે 40 જેટલી સંસ્થાઓની સ્થાપના કરી હતી અથવા તો તેની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.

- તેમણે સ્થાપેલી કેટલીક મહત્ત્વની સંસ્થાઓમાં નીચેની સંસ્થાઓનો સમાવેશ થાય છે :
  - **(1) PRL, અમદાવાદ (Physical Research Laboratory, Ahmedabad), 1947**
  - **(2) IIM, અમદાવાદ (Indian Institute of Management, Ahmedabad), 1961**
  - **(3) CSC અથવા VASCSC, અમદાવાદ (Community Science Centre અથવા Vikram A. Sarabhai Community Centre, Ahmedabad), 1960**
  - **(4) SAC (Space Applications Center), Ahmedabad**
  - **(5) Vikram Sarabhai Space Center, Thiruvananthapuram**
- ભારતે અવકાશ ક્ષેત્રે જે અનેક સિદ્ધિઓ મેળવી છે તેના મૂળમાં શ્રી વિક્રમ સારાભાઈએ સ્થાપેલી **PRL (ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી)** જ છે.
- આ ઉપરાંત શ્રી વિક્રમ સારાભાઈએ 1962માં **INCOSPAR (Indian National Commitee for Space Research)**ની સ્થાપના કરી હતી. આ સંસ્થામાંથી જ આગળ જતાં 1969માં ભારતની પ્રસિદ્ધ અવકાશ સંસ્થા **ISRO (Indian Space Research Organisation)**નું સર્જન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## એવોર્ડ

- ડૉ. વિક્રમ સારાભાઈને એનાયત થયેલા મુખ્ય પુરસ્કારોમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :
  - **(1) શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર, 1962**
  - **(2) પદ્મ ભૂષણ, 1966**
  - **(3) પદ્મ વિભૂષણ, 1972**

**નોંધ :**
(1) 30 ડિસેમ્બર, 1971ના રોજ ભારતમાં કેરળના તિરુવનંતપુરમના કોવલમ ખાતે આવેલા Halcyon Castle ખાતે 52 વર્ષની વયે ડૉ. વિક્રમ સારાભાઈનું નિધન થયું હતું.
(2) ડૉ. વિક્રમ સારાભાઈએ **શ્રી કસ્તુર લાલભાઈ** સાથે મળીને **IIM અમદાવાદ**ની સ્થાપના કરી હતી.
(3) તાજેતરમાં ઈસરો દ્વારા લોન્ચ થયેલા ચંદ્રયાન-2ના Landerને ડૉ. વિક્રમ સારાભાઈના નામ પરથી જ **'વિક્રમ'** નામ આપવામાં આવ્યું છે.





## ICE Questions

1. ‘આંતરરાષ્ટ્રીય યુવા દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ — **(C)**

2. વર્ષ 2019ની ‘આંતરરાષ્ટ્રીય યુવા દિવસ’ની થીમ શું છે ?
   (A) Youth Building Peace (B) Safe Spaces for Youth
   (C) Transforming Education (D) ત્રણમાંથી કોઈ નહિ — **(C)**

3. 12 ઓગસ્ટ, 2019ના રોજ કઈ જગ્યાએ યોજાયેલા કાર્યક્રમથી ડૉ. વિક્રમ સારાભાઈની જન્મશતાબ્દીની સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારી ઉજવણીનો પ્રારંભ થયો છે ?
   (A) નવી દિલ્હી (B) બેંગાલુરુ (C) ગાંધીનગર (D) અમદાવાદ — **(D)**

4. ડો. વિક્રમ સારાભાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. 12 ઓગસ્ટ, 1919ના રોજ અમદાવાદ ખાતે તેમનો જન્મ થયો હતો.
   2. તેમણે 1962માં સ્થાપેલી INCOSPAR નામની સંસ્થામાંથી 1969માં ISROની સ્થાપના થઈ હતી.
   3. તાજેતરમાં લોન્ચ થયેલા ચંદ્રયાન-2ના રોવરને ‘વિક્રમ’ નામ આપવામાં આવ્યું છે.
   (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**13 AUGUST, 2019 TUESDAY**

## ➢ દિવસ મહિમા : 13 ઓગસ્ટ, International Lefthander's Day

## ➢ MAN Vs. WILD

તાજેતરમાં 12 ઓગસ્ટ, 2019ના રોજ Discovery ચેનલમાં પ્રસારિત થયેલા ટીવી શો 'મેન વર્સિસ વાઈલ્ડ'માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જોવા મળ્યા હતા.

- 'મેન વર્સિસ વાઈલ્ડ' નામનો ટીવી શો અગાઉ બ્રિટિશ ચેનલ-4 પર પ્રસારિત થતો હતો જે હવે ડિસ્કવરી ચેનલ પર આવે છે.
- આ ટીવી શોનો મુખ્ય ઉદ્દેશ સાહસવૃત્તિ વિકસાવવાનો તથા ઓછામાં ઓછા સંસાધનો સાથે કઈ રીતે ટકી રહેવું તે શીખવવાનો છે.
- શ્રી બેઅર ગ્રીલ્સ દ્વારા આ ટીવી શોનું સંચાલન કરવામાં આવે છે.
- શ્રી બેઅર ગ્રીલ્સ 23 વર્ષની વયે એવરેસ્ટ સર કરનાર સૌથી નાની વયે એવરેસ્ટ સર કરનાર બ્રિટીશ પર્વતારોહક છે.
- શ્રી બેઅર ગ્રીલ્સ અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથેનો તાજેતરમાં પ્રસિદ્ધ થયેલો 'મેન વર્સિસ વાઈલ્ડ'નો એપિસોડ 'જિમ કોર્બેટ નેશનલ પાર્ક'માં શૂટ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## Jim Corbett National Park



Jim Corbett National Park (જીમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન)એ ભારતનો સૌથી જૂનો અને પ્રથમ નેશનલ પાર્ક છે.

- બંગાળી વાઘના સંરક્ષણ માટે ભારતમાં 1936માં Hailey National Park તરીકે આ નેશનલ પાર્કની સ્થાપના થઈ હતી.
- ભારતમાં વાઘના સંરક્ષણ માટે 1973માં 'Project Tiger'નો પ્રારંભ પણ આ નેશનલ પાર્કથી જ થયો હતો.
- ભારતમાં ઉત્તરાખંડના નૈનિતાલ અને પૌરી ગઢવાલ જિલ્લામાં આ નેશનલ પાર્ક આવેલો છે.
- બ્રિટનના મહાન પર્યાવરણ સંરક્ષક શિકારી શ્રી જિમ કોર્બેટના નામ પરથી આ નેશનલ પાર્કનું નામ જિમ કોર્બેટ નેશનલ પાર્ક રાખવામાં આવ્યું છે.
- આ નેશનલ પાર્કમાં વાઘ ઉપરાંત હાથીઓની વસતી પણ વધુ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ સાઉદી અરામ્કો 15 અબજ ડોલરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો 20 ટકા હિસ્સો ખરીદશે




વિશ્વની સૌથી મોટી ઓઈલ પ્રોડ્યુસર કંપની Saudi Aramco Reliance Industries (RIL's)ના ઓઈલ અને કેમિકલ બિઝનેસનો 20 ટકા હિસ્સો 15 અબજ ડોલરમાં ખરીદવા માટે સહમત થઈ ગઈ છે.

- આ સોદો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઈતિહાસનું સૌથી મોટું વિદેશી રોકાણ છે અને ભારતમાં થયેલા સૌથી મોટા વિદેશી રોકાણો (Largest Foreign Investments in India)માંનું એક છે.
- આ સોદા માટે RILના ઓઈલ અને કેમિકલ બિઝનેસનું કુલ મૂલ્ય 75 અબજ ડોલર નક્કી કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત આ ડીલ અંતર્ગત સાઉદી અરામ્કો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના જામનગર સ્થિત પ્લાન્ટને દૈનિક 5 લાખ બેરલ ક્રૂડ ઓઈલ સપ્લાય કરશે.
- Saudi Aramco એ સાઉદી અરેબિયાની સરકારી પેટ્રોલિયમ અને કુદરતી ગેસ કંપની છે.

## બ્રિટિશ પેટ્રોલિયમ અને રિલાયન્સ વચ્ચે ડીલ

ઉપરોક્ત ડીલ ઉપરાંત બ્રિટનની મલ્ટિનેશનલ ઓઈલ અને ગેસ કંપની British Petroleum પણ આશરે રૂ. 7000 કરોડમાં રિલાયન્સના Fuel Retail Businessનો 49% હિસ્સો ખરીદશે.

- British Petroleum સાથે મળીને રિલાયન્સ આગામી 5 વર્ષમાં ભારતમાં નવા 5500 પેટ્રોલ પંપ ખોલશે.

## જિયો-માઈક્રોસોફ્ટ વચ્ચે કરાર

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)ની પેટા કંપની **રિલાયન્સ જિયો** અને **માઈક્રોસોફ્ટ કોર્પોરેશન** વચ્ચે થયેલા કરાર અંતર્ગત જિયો ભારતમાં **ડેટા સેન્ટર** શરૂ કરશે.

- માઈક્રોસોફ્ટ સાથે થયેલા કરાર અંતર્ગત ક્લાઉડ બિઝનેસ માટે જીયો ભારતના બે રાજ્યો **મહારાષ્ટ્ર અને ગુજરાત**માં વર્ષ **2020** સુધીમાં **ડેટા સેન્ટર** શરૂ કરશે.

**નોંધ :** (1) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની **42મી** વાર્ષિક સાધારણ સભામાં **શ્રી મુકેશ અંબાણી**એ ઉપરોક્ત જાહેરાત કરી હતી.

(2) સાઉદી અરામ્કોનું વડું મથક **Dhahran** ખાતે આવેલું છે.

## ICE Questions

1. ‘ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર્સ ડે’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 ઓગસ્ટ (B) 12 ઓગસ્ટ (C) 13 ઓગસ્ટ (D) 14 ઓગસ્ટ — **(C)**

2. તાજેતરમાં 12 ઓગસ્ટ, 2019ના રોજ ડિસ્કવરી ચેનલમાં પ્રસિદ્ધ થયેલા કયા ટી.વી. શોમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જોવા મળ્યા હતા ?
   (A) MAN Vs. LIFE (B) MAN Vs. World
   (C) MAN Vs. WILD (D) MAN Vs. Nature — **(C)**

3. 12 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ‘MAN Vs. WILD’ નામના ટી.વી. શોમાં કોની સાથે જોવા મળ્યા હતા ?
   (A) શ્રી જીમ કોર્બેટ (B) શ્રી બેઅર ગ્રીલ્સ (C) શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ (D) શ્રી શી જિનપિંગ — **(B)**

4. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ‘MAN Vs. WILD’ નામના ટી.વી. શોમાં ડિસ્કવરી ચેનલ પર જોવા મળ્યા હતા...આ ટી.વી. શોનું શુટિંગ કયાં થયું હતું ?
   (A) ગ્રેટ બેરીયર રીફ નેશનલ પાર્ક (B) ગાલાપેગોસ નેશનલ પાર્ક
   (C) તારાંગિર નેશનલ પાર્ક (D) જીમ કોર્બેટ નેશનલ પાર્ક — **(D)**

5. ‘જીમ કોર્બેટ નેશનલ પાર્ક’ ભારતના કયા રાજ્યમાં આવેલો છે ?
   (A) છત્તીસગઢ (B) આસામ (C) ઝારખંડ (D) ઉત્તરાખંડ — **(D)**

6. ‘જીમ કોર્બેટ નેશનલ પાર્ક’ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. 1936માં સ્થપાયેલો તે ભારતનો સૌથી જૂનો અને પ્રથમ નેશનલ પાર્ક છે.
   2. ભારતમાં 1973માં પ્રોજેક્ટ ટાઈગરનો પ્રારંભ આ નેશનલ પાર્કથી જ થયો હતો.
   3. તે ઉત્તરાખંડના નૈનિતાલ અને પૌરી ગઢવાલ જિલ્લામાં આવેલો છે.
   4. તે વાઘ ઉપરાંત હાથી માટે પ્રસિદ્ધ છે.
   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3 — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. તાજેતરમાં વિશ્વની કઈ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઓઈલ અને કેમિકલ બિઝનેસનો 20 ટકા હિસ્સો ખરીદવા માટે સહમત થઈ છે ?

(A) Sinopec Group (B) Saudi Aramco
(C) China National Petroleum Corporation (D) British Petroleum

**(B)**

8. સાઉદી અરામ્કો કેટલા અબજ ડોલરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઓઈલ અને કેમિકલ બિઝનેસનો 20 ટકા હિસ્સો ખરીદશે ?

(A) 15 (B) 20 (C) 25 (D) 35

**(A)**

9. તાજેતરમાં કઈ કંપનીએ આશરે રૂ. 7000 કરોડમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ફ્યુઅલ રીટેલ બિઝનેસનો 49% હિસ્સો ખરીદ્યો છે ?

(A) Lukoil (B) Royal Dutch Shell
(C) British Petroleum (D) Saudi Aramco

**(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક


ભારતનો સાંસ્કૃતિક વારસો

GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક

સાંસ્કૃતિક વારસા સંબંધિત મહત્ત્વની વર્તમાન ઘટનાઓનો સમાવેશ

નૃત્ય, સંગીત, નાટ્ય, શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય વગેરે કળાઓનો પરીક્ષાલક્ષી અભ્યાસ

સંભવિત પ્રશ્નોને ધ્યાનમાં રાખીને તૈયાર થયેલું કન્ટેન્ટ




વધુ માહિતી માટે CALL 93753-01110

Available at amazon

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## 14 AUGUST, 2019 WEDNESDAY

### ➤ રફ ડાયમંડના ક્ષેત્રમાં સહયોગ વધારવા ગુજરાત અને રશિયા વચ્ચે કરાર



ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** તાજેતરમાં ત્રણ દિવસ માટે રશિયાના પ્રવાસે ગયા હતા.

- તેમના આ પ્રવાસ દરમિયાન તેમણે રશિયાના યાકુટિયા રિજિયનના ગવર્નર સાથે રફ ડાયમંડના ક્ષેત્રમાં પરસ્પર સહયોગ વધારવા માટે MoU કર્યા છે.
- આ કરાર હેઠળ હિરાના માઈનિંગ, ગોલ્ડ માઈનિંગ, મેટલ સાયન્સ તથા નેચરલ રિસોર્સિઝના ઉપયોગ માટે રશિયાની અદ્યતન ટેક્નોલોજીનો લાભ ભારતીય કંપનીઓને મળશે.

**નોંધ :** (1) વિશ્વના બજારમાં આવતા કુલ રફ ડાયમંડમાંથી ત્રીજા ભાગના એટલે કે આશરે 33 ટકા રફ ડાયમંડ રશિયામાંથી આવે છે.

(2) જ્યારે વિશ્વના કુલ ડાયમંડ પ્રોસેસીંગમાંથી 80 ટકા ડાયમંડ પ્રોસેસીંગ ગુજરાતમાં થાય છે. અને ભારતમાંથી વિશ્વના 95 ટકા પ્રોસેસ્ડ ડાયમંડ આખા વિશ્વમાં નિકાસ થાય છે.

(3) MoUનું પૂરું નામ Memorandum of Understanding છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ગુજરાત સરકારની 'શોધ (SHODH) યોજના'ની જાહેરાત



તાજેતરમાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની સરકારના ત્રણ વર્ષ પૂરા થવાને પ્રસંગે તેમણે આ **'શોધ યોજના'**ની જાહેરાત કરી હતી.

**SHODH યોજનાનું પૂરું નામ શું છે ?**

SHODH યોજનાનું પૂરું નામ 'Scheme of Developing High Quality Research' છે.

**આ યોજનાનો ઉદ્દેશ શું છે ?**

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રોત્સાહન આપવાનો છે.

- અને એ રીતે ગુજરાતની જ્ઞાનસંપદામાં બહુલક્ષી વૃદ્ધિ કરવાનો છે.

**આ યોજનાનો લાભ કોને મળશે ?**

ગુજરાતની **માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીઓને** આ યોજનાનો લાભ મળશે.

**આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?**

આ યોજના અંતર્ગત ગુજરાતની માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને રૂ. 15,000નું સ્ટાઈપેન્ડ મળશે.

- આ ઉપરાંત પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આનુષંગિક ખર્ચ માટે વાર્ષિક રૂ. 20,000 આપવામાં આવશે.
- આ રીતે સ્ટાઈપેન્ડ પ્લસ આનુષંગિક ખર્ચ માટેની સહાય એમ બંને મળીને બે વર્ષના અંતે કુલ 4 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

## ➤ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટેની નીતિ 2019



મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની સરકારના **ત્રણ વર્ષ** પૂર્ણ થવાને પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં **'ઝૂંપડપટ્ટી માટે પુનર્વસન નીતિ 2019'**ની જાહેરાત કરવામાં આવી હતી.

### આ નીતિનો ઉદ્દેશ

આ નીતિનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતની મહાનગરપાલિકા અને તેને સંલગ્ન વિસ્તારોમાં ખાનગી માલિકીની ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને ઘર ઉપલબ્ધ કરાવીને **પ્રધાનમંત્રી આવાસ યોજના** અંતર્ગત વર્ષ 2022 સુધીમાં **સૌને માટે આવાસ** પૂરા પાડવાનું છે.

### આ નીતિની વિશેષતા

1. આ નીતિ અંતર્ગત ગુજરાતની **મહાનગરપાલિકા** અને તેને સંલગ્ન વિસ્તારોમાં આવેલી **ખાનગી માલિકીની ઝૂંપડપટ્ટીઓનું તે જ સ્થળે પુનર્વસન** કરવામાં આવશે.
2. ગુજરાતના મહાનગરપાલિકા વિસ્તારમાં અને તેને સંલગ્ન વિકાસ સત્તામંડળોના વિસ્તારોમાં તારીખ **1 ડિસેમ્બર, 2010**ની સ્થિતિએ હયાત હોય તેવી ઝૂંપડપટ્ટીઓમાં રહેતા પરિવારોને આ નીતિ અંતર્ગત **લાભાર્થી** ગણવામાં આવશે.
3. આ નીતિ અંતર્ગત લાભાર્થીને **37 ચોરસ મીટર કાર્પેટ એરિયા** ધરાવતા **બે રૂમ, રસોડું, બાથરૂમ, જાજરૂ** સહિતનું **પાકું મકાન** મળશે.
4. આ મકાનને **7 વર્ષ** સુધી વેચી કે ભાડે આપી શકાશે નહીં.
5. ઝૂંપડપટ્ટીમાં જો દુકાન હશે તો લાભાર્થીને **12 ચોરસ મીટર દુકાન** પણ આપવામાં આવશે.
6. સમગ્ર કામગીરી દરમિયાન **રાજ્ય કક્ષાની સ્ક્રિનિંગ સમિતિ** માર્ગદર્શન પૂરું પાડશે.

## ➤ 'સૂર્ય ગુજરાત' સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના



ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની સરકારના **ત્રણ વર્ષ** પૂરા થવાને પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં **'સૂર્ય ગુજરાત'** સૂર્ય ઊર્જા રૂફટોપ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

### 'સૂર્ય ગુજરાત' યોજનાની વિશેષતા

આ યોજના અંતર્ગત વીજ વિતરણ કંપનીના પ્રાઈવેટ રહેણાંક શ્રેણીના કોઈપણ ગ્રાહક પોતાની છત પર અથવા પોતાની મિલકતમાં **સોલાર રૂફટોપ સિસ્ટમ** ગોઠવી શકશે.

- જેમાં **રહેણાંક** હેતુના વીજગ્રાહકોને સરકાર **3 કિલોવોટ**ની ક્ષમતા સુધી નિયત કિંમત ઉપર **40 ટકા સબસિડી** આપશે.
- જ્યારે **3 કિલોવોટથી વધુ અને 10 કિલોવોટ સુધી 20 ટકા સબસિડી** આપવામાં આવશે.
- આ યોજના દ્વારા ઉત્પન્ન વીજળીને વીજ કંપની દ્વારા **રૂ. 2.25 પ્રતિ યુનિટ**ના દરે ખરીદી લેવામાં આવશે.
- જો વીજ ગ્રાહક માન્ય એજન્સી પાસેથી સોલાર સિસ્ટમ સ્થાપિત કરાવશે તો તે એજન્સી **5 વર્ષ** સુધી સિસ્ટમનું **વિના મૂલ્યે મેઈન્ટેનન્સ** કરશે.
- આ નીતિ વર્ષ **2021-22** સુધી અમલમાં રહેશે.
- અને વર્ષ **2021-22** સુધીમાં આ નીતિ અંતર્ગત અંદાજે **8 લાખ** રહેણાંકના ગ્રાહકોને ત્યાં સોલાર રૂફટોપ લગાવવાનું સરકારનું આયોજન છે.
- જ્યારે વર્ષ **2019-20** દરમિયાન આ નીતિ અંતર્ગત **2 લાખ** સોલાર રૂફટોપ લગાવવાનું સરકારનું આયોજન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ કૃષિ યાંત્રિકીકરણ યોજના



ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની સરકારના **ત્રણ વર્ષ** પૂરા થવાને પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં **'કૃષિ યાંત્રિકીકરણ યોજના'**ની જાહેરાત કરવામાં આવી હતી.

- આ યોજના અંતર્ગત ગુજરાતના ખેડૂતોને સરકાર **ટ્રેક્ટર તેમજ આધુનિક ખેત ઓજારો ખરીદવા માટે સહાય** કરે છે.
- આ યોજના અંતર્ગત ખેડૂતોને ઉત્તમ લાભ મળે તે માટે વર્ષ 2018-19માં કુલ 3918 જેટલાં સાધનોનું **એમ્પેનલમેન્ટ** કરવામાં આવ્યું હતું.
- સમગ્ર ભારતમાં આવું કરનાર ગુજરાત **સર્વપ્રથમ** રાજ્ય છે.
- ગુજરાત સરકારે અરજીથી માંડીને ચૂકવણા સુધીની સમગ્ર પ્રક્રિયા **'આઈ ખેડૂત પોર્ટલ'** પર ઓન લાઈન કરીને કૃષિ યાંત્રિકીકરણથી કિસાન સશક્તિકરણની દિશામાં પ્રયાસ આદર્યા છે.

**નોંધ :** (1) 'કૃષિ યાંત્રિકીકરણ યોજના' અંતર્ગત ગુજરાત સરકારે ચાલુ વર્ષે બજેટમાં રૂ. 253.88 કરોડની જોગવાઈ કરી છે.

(2) તેનાથી આશરે 56,000થી વધુ ખેડૂતોને ટ્રેક્ટર તેમજ ખેત ઓજારોની ખરીદીમાં સહાય કરવામાં આવશે.

## ➤ નમો ઈ-ટેબ યોજના



આ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા મોંઘા ભાવના ઈ-ટેબલેટ ફક્ત **રૂ. 1000**માં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

- જેમાં (1) ધોરણ 12 પાસ કરીને કોલેજની તમામ શાખાના પહેલા વર્ષમાં પ્રવેશ મેળવતા તમામ વિદ્યાર્થીઓ તેમજ (2) પોલિટેકનિકના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા તમામ વિદ્યાર્થીઓને 'નમો ઈ-ટેબ યોજના' અંતર્ગત આ ટેબલેટ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત નોકરીની સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર
ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
સ્પેશિયલ બેચ
નવી બેચ શરૂ
સવારે 8 થી 10
32+ Weekly Test
2012 - 18
1237+
સફળ ઉમેદવાર
10 Mega Test Paper
MEGA TEST SERIES ON OMR SHEET
રીડિંગ રૂમની વ્યવસ્થા
127/ Ratna Business Square, Old Natraj Cinema, Opp H.K College, Ashram Road
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
અમદાવાદ
CALL : 8469501110 / 8469601110

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | રફ ડાયમંડના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કયા દેશ સાથે કરાર કરવામાં આવ્યા છે ?<br>(A) અમેરિકા (B) ઈઝરાયેલ (C) રશિયા (D) બ્રિટન | (C) |
| 2. | રફ ડાયમંડના ક્ષેત્રમાં પરસ્પર સહયોગ વધારવા માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં રશિયાના કયા રિજીયનના ગવર્નર સાથે MoU કરવામાં આવ્યા છે ?<br>(A) યાકુટિયા (B) યામારિતા (C) યાનારામી (D) યાકુના | (A) |
| 3. | ગુજરાતમાં ઉચ્ચ કક્ષાના સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?<br>(A) ખોજ (B) શોધ (C) પ્રજ્ઞા (D) જ્ઞાન | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી શોધ (SHODH) યોજનાનું પૂરું નામ શું છે ?
(A) Scheme of Developing High Quality Research
(B) Scheme of Develop High Quality Research
(C) Scheme of Developed High Quality Research
(D) ત્રણમાંથી કોઈ નહિ
(A)

5. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી શોધ યોજના અંતર્ગત લાભાર્થીને દર મહિને કેટલું સ્ટાઈપેન્ડ મળશે ?
(A) રૂ. 10,000 (B) રૂ. 15,000 (C) રૂ. 20,000 (D) રૂ. 25,000
(B)

6. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી શોધ યોજના અંતર્ગત લાભાર્થીને કેટલા વર્ષ સુધી દર મહિને રૂ. 15,000 સ્ટાઈપેન્ડ મળશે ?
(A) 1 (B) 2 (C) 3 (D) 5
(B)

7. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી શોધ યોજના અંતર્ગત પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આનુષંગિક ખર્ચ માટે વાર્ષિક કેટલા રૂપિયા આપવામાં આવશે ?
(A) 10,000 (B) 20,000 (C) 30,000 (D) 40,000
(B)

8. ગુજરાત સરકારની 'શોધ' યોજના અંતર્ગત લાભાર્થીને બે વર્ષમાં વધુમાં વધુ કુલ કેટલી સહાય મળશે ?
(A) રૂ. 3 લાખ (B) રૂ. 3 લાખ 60 હજાર
(C) રૂ. 4 લાખ (D) રૂ. 4 લાખ 40 હજાર
(C)

9. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી 'ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટેની નીતિ 2019' અનુસાર કોને ઘરનું ઘર ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) ઝૂંપડપટ્ટીમાં વસતા ગુજરાતના તમામ નાગરિકોને
(B) ગુજરાતના તમામ શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં વસતા ગુજરાતના તમામ નાગરિકોને
(C) ગુજરાતની મહાનગરપાલિકા તથા તેને સંલગ્ન સત્તામંડળોના વિસ્તારોમાં ખાનગી માલિકીની ઝૂંપડપટ્ટીમાં વસતા પરિવારોને
(D) ત્રણમાંથી કોઈ નહિ
(C)

10. 'ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટેની નીતિ 2019' અંતર્ગત ગુજરાતની મહાનગરપાલિકા તથા તેને સંલગ્ન સત્તામંડળોના વિસ્તારમાં કઈ તારીખની સ્થિતિએ હયાત હોય તેવી ઝૂંપડપટ્ટીઓમાં રહેતા પરિવારોને લાભાર્થી ગણવામાં આવશે ?
(A) 1 ડિસેમ્બર, 2010 (B) 1 ડિસેમ્બર, 2011
(C) 1 ડિસેમ્બર, 2012 (D) 1 ડિસેમ્બર, 2013
(A)

11. ગુજરાત સરકારની 'ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટેની નીતિ 2019'ના લાભાર્થીઓને કેવા ઘર ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) 27 ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા બે રૂમ, રસોડું, બાથરૂમ, જાજરૂ સહિતનું પાકું મકાન
(B) 35 ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા બે રૂમ, રસોડું, બાથરૂમ, જાજરૂ સહિતનું પાકું મકાન
(C) 37 ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા બે રૂમ, રસોડું, બાથરૂમ, જાજરૂ સહિતનું પાકું મકાન
(D) 47 ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા બે રૂમ, રસોડું, બાથરૂમ, જાજરૂ સહિતનું પાકું મકાન
(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. ગુજરાત સરકારની 'ખાનગી જમીન પર આવેલી ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટેની નીતિ 2019' અનુસાર દુકાન ધરાવતા લાભાર્થીને કેટલા ચોરસ મીટરની દુકાન મળશે ?
(A) 10 (B) 12 (C) 15 (D) 20 **(B)**

13. ગુજરાત સરકારની 'ખાનગી જમીન પર આવેલી ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટેની નીતિ 2019' અંતર્ગત વિવિધ તબક્કે માર્ગદર્શક તરીકે કોણ રહેશે ?
(A) દરેક જિલ્લાના કલેક્ટર શ્રી (B) સ્ક્રિનિંગ સમિતિ
(C) જિલ્લા કક્ષાની સ્ક્રિનિંગ સમિતિ (D) રાજ્ય કક્ષાની સ્ક્રિનિંગ સમિતિ **(D)**

14. ગુજરાતમાં પ્રાઈવેટ રહેણાંક શ્રેણીના વીજ ગ્રાહકો પોતાના મકાન કે મિલકતની છત પર સોલાર રૂફટોપ સિસ્ટમ ગોઠવી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?
(A) સોલાર ગુજરાત (B) સૂર્ય ગુજરાત (C) સૌર ગુજરાત (D) સોલાર રૂફટોપ **(B)**

15. 'સૂર્ય ગુજરાત' યોજનાના લાભના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. 3 કિલોવોટ સુધીની સિસ્ટમ માટે 40 ટકા સબસિડી મળશે.
2. 3થી 10 કિલોવોટ સુધીની સિસ્ટમ માટે 60 ટકા સબસિડી મળશે.
3. વધેલી વીજળી વીજ કંપની પ્રતિ યુનિટ રૂ. 2.25ના ભાવથી ખરીદશે.
(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(C)**

16. ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત ખેડૂતોને ટ્રેક્ટર તથા કૃષિ ઓજારો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે ?
(A) ટ્રેક્ટર સહાય યોજના (B) ટ્રેક્ટર તથા ઓજાર સહાય યોજના
(C) કૃષિ સહાય યોજના (D) કૃષિ યાંત્રિકીકરણ યોજના **(D)**

17. ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને રૂ. 1000ના દરે ઈ-ટેબલેટ આપવામાં આવે છે ?
(A) મુખ્યમંત્રી ઈ-ટેબ યોજના (B) પ્રધાનમંત્રી ઈ-ટેબ યોજના
(C) નમો ઈ-ટેબ યોજના (D) અટલ ઈ-ટેબ યોજના **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 15 AUGUST, 2019 THURSDAY

## ➤ દિવસ મહિમા : 15 ઓગસ્ટ, 2019 ભારતનો 73મો સ્વાતંત્ર્ય દિન

### 73મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી

15 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતમાં 73મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી છોટા ઉદેપુર ખાતે કરવામાં આવી હતી.

- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ છોટા ઉદેપુર ખાતે તિરંગો લહેરાવીને સલામી આપી હતી.

### 73મા સ્વાતંત્ર્ય દિનની રાષ્ટ્રકક્ષાની ઉજવણી



15 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના સ્વાતંત્ર્ય પર્વે છઠ્ઠી વખત તિરંગો લહેરાવ્યો હતો.

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે ભારતમાં પહેલી વખત સૈન્યની ત્રણેય પાંખો વચ્ચે સંકલન માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂક કરવાની જાહેરાત કરી હતી.

## Chief of Defence Staff (CDS)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી જાહેરાત અનુસાર ભારતમાં **ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)**ના નવા પદનું નિર્માણ કરવામાં આવશે.

- જે ભારતના સૈન્યની **ત્રણેય પાંખોના વડા** હશે.
- તેમનું મુખ્ય કાર્ય ભારતીય સેનાની ત્રણેય પાંખ આર્મી, નેવી અને એરફોર્સ વચ્ચે સંકલન સાધવાનું હશે.
- ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ ભારતના **સર્વોચ્ચ સેનાપતિ** હશે.
- જોકે, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)નો હોદ્દો તથા તેમના વિશે અન્ય વિગતો હવે પછી નક્કી કરવામાં આવશે.

## ➤ ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક 2019

તાજેતરમાં ગુજરાતની વિધાનસભામાં **'ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક 2019'** પસાર કરવામાં આવ્યું હતું.

- આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં પાણીનું વિતરણ અને તેનો ઉપયોગ શિસ્તબદ્ધ રીતે થાય અને તમામને સરખી માત્રામાં નિયમિત પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### બિલની મહત્ત્વની જોગવાઈ



આ વિધેયક દ્વારા પાણીની વિતરણ વ્યવસ્થાને સુરક્ષિત કરવા માટેના તમામ પાસાઓને આવરી લેવાયા છે.

- કોઈ પણ વ્યક્તિ કે જેના દ્વારા પાણીની વિતરણ વ્યવસ્થાને નુકસાન કરવામાં આવે કે અનધિકૃત રીતે પાણી મેળવવામાં આવે તે વ્યક્તિ આ કાયદા મુજબ સજાને પાત્ર રહેશે.
- આ માટે અલગ અલગ પદ્ધતિ અને હેતુઓ માટે અલગ અલગ સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- આ એક્ટમાં પાણીના સ્ત્રોતને **આરક્ષિત** કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.
- આ વિધેયક અનુસાર **સ્થાનિક સત્તામંડળો** દ્વારા તેમની સ્થાનિક લિમિટ સુધી જ્યારે **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ** તથા **ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL)** દ્વારા સંપૂર્ણ રાજ્યમાં જાહેર પાણી વિતરણ વ્યવસ્થા માટે અધિકાર આપવામાં આવ્યો છે.
- પાણી વપરાશ જવાબદારીપૂર્વક થાય તે માટે સ્ત્રોત ઉપર **મીટરિંગ** તેમજ સ્ત્રોત અને વિતરણ વ્યવસ્થાની **ઓડિટિંગ**ની જોગવાઈ કરાઈ છે.
- આ વિધેયકની **કલમ 10**માં પાણી વિતરણ વ્યવસ્થાને **નુકસાનદાયક** તેમજ **પાણીચોરીને લગતા કૃત્યો** પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આવી જોગવાઈના ભંગ બદલ **જેલની સજા અથવા દંડ અથવા બંને** સજા થઈ શકે છે.
- **ઓથોરિટી દ્વારા અધિકૃત કરેલા અધિકારી** અનધિકૃત રીતે પાણીના ઉપાડને રોકવા માટે સ્થળ તપાસ, માલસામાનની જપ્તી, ગુનેગાર પાસેથી દંડની રકમ વસૂલ કરવા હુકમ તથા આવી કાર્યવાહીના સંદર્ભમાં કોર્ટમાં અપીલ પણ કરી શકશે.

## ➤ ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક 2019

ગુજરાતના ઊર્જામંત્રી **શ્રી સૌરભ પટેલે** રજૂ કરેલું **'ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક 2019'** ગુજરાતની વિધાનસભામાં પસાર થઈ ગયું છે.

- આ સુધારા વિધેયકનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં નદી અને નહેરના પાણીની જાળવણી, કરકસરપૂર્ણ ઉપયોગ અને અનઅધિકૃત વપરાશ નિયંત્રિત કરવાનો છે.
- ગુજરાતમાં નદીના પ્રવાહને અવરોધવા તથા કેનાલને નુકસાન પહોંચાડવા બદલ દંડ તથા સજા અંગેની જોગવાઈઓ અગાઉ **મુંબઈ સિંચાઈ અધિનિયમ** હેઠળ અસ્તિત્વમાં હતી.
- પરંતુ તેને વધુ તર્કસંગત બનાવવા દંડની જોગવાઈઓમાં ફેરફાર કરતું આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે.

### દંડની જોગવાઈ

આ સુધારા વિધેયકમાં વિવિધ ગુનાઓ માટે આ પ્રમાણે દંડ તથા સજાની જોગવાઈ કરવામાં આવી છે :

| ક્રમ | ગુનો | સજા/દંડ |
|---|---|---|
| 1 | નહેરમાં અવરોધ મૂકી, એન્જિન કે અન્ય સાધનોથી પાણી લેવું | રૂ. 20 હજાર સુધીનો દંડ અથવા 6 મહિના સુધીની કેદ |
| 2 | નહેરમાં પાણીના પ્રવાહના નિયમન અને નિયંત્રણમાં અડચણ ઊભી કરવી તથા નહેરના પાણીને પ્રદૂષિત કરવું | રૂ. 50 હજાર સુધીનો દંડ અથવા 1 વર્ષ સુધીની કેદ અથવા બંને |
| 3 | નદીના પાણીનો પ્રવાહ અનધિકૃત રીતે વાળવો, નદીમાં કોઈ બંધ કે અવરોધ ઊભો કરવો. | રૂ. 1 લાખ સુધીનો દંડ અથવા દોઢ વર્ષ સુધીની કેદ અથવા બંને |
| 4 | નહેરમાં છેદ પાડી, પાઈપ દાખલ કરી નહેરની મજબૂતી અને સલામતીને નુકસાન પહોંચાડવું. | રૂ. 2 લાખ સુધીનો દંડ અથવા 2 વર્ષ સુધીની કેદ અથવા બંને |

**નોંધ :** (1) આ ઉપરાંત **નહેર અધિકારીને** અનધિકૃત રીતે નહેરનું પાણી ખેંચવા માટે વપરાતા સાધનો જપ્ત કરવાની સત્તા આપવામાં આવી છે.

(2) આ માટે **રૂ. 1 લાખ સુધીનો દંડ** ચૂકવીને આવા સાધનો પરત લઈ શકાશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 15 ઓગસ્ટ 2019ના રોજ ભારતમાં કેટલામા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 70મા (B) 71મા (C) 72મા (D) 73મા **(D)**

2. 15 ઓગસ્ટ 2019ના રોજ ગુજરાતમાં 73મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?
   (A) દાહોદ (B) નવસારી (C) છોટા ઉદેપુર (D) ડાંગ **(C)**

3. 15 ઓગસ્ટ 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી ભારતમાં કયા નવા પદના સર્જનની જાહેરાત કરી હતી ?
   (A) ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) (B) ચીફ ઓફ ડિફેન્સ સોર્સ (CDS)
   (C) ચીફ ઓફ ડિફેન્સ સેક્ટર (CDS) (D) ચીફ ઓફ ડિફેન્સ સોલ્જર (CDS) **(A)**

4. ગુજરાતમાં પીવાના પાણીના વિતરણ તથા તેના શિસ્તબદ્ધ ઉપયોગ અંગે ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં કયું વિધેયક પસાર કરવામાં આવ્યું છે ?

(A) ગુજરાત ઘર વપરાશ પુરવઠા (સંરક્ષણ) વિધેયક 2019

(B) ગુજરાત ઘર વપરાશ પુરવઠા (સંશોધન) વિધેયક 2019

(C) ગુજરાત ઘર વપરાશ પુરવઠા (વિતરણ) વિધેયક 2019

(D) ત્રણમાંથી કોઈ નહિ (A)

5. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક 2019' અનુસાર ગુજરાતમાં સંપૂર્ણ રાજ્યમાં જાહેર પાણી વિતરણ વ્યવસ્થા માટે કોને અધિકાર આપવામાં આવ્યો છે ?

1. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

2. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ

(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ (A)

6. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક 2019'ની કઈ કલમમાં પાણી વિતરણ વ્યવસ્થાને નુકસાનદાયક તેમજ પાણીચોરીને લગતા કૃત્યો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?

(A) કલમ 8 (B) કલમ 9 (C) કલમ 10 (D) કલમ 11 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક 2019' અંતર્ગત નહેરમાં અવરોધ મૂકી એન્જિન કે અન્ય સાધનોથી પાણી લેવાના કૃત્ય બદલ કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) રૂ. 20 હજાર સુધીનો દંડ અથવા 6 મહિના સુધીની કેદ

(B) રૂ. 50 હજાર સુધીનો દંડ અથવા 1 વર્ષ સુધીની કેદ અથવા બંને

(C) રૂ. 1 લાખ સુધીનો દંડ અથવા દોઢ વર્ષ સુધીની કેદ અથવા બંને

(D) રૂ. 2 લાખ સુધીનો દંડ અથવા 2 વર્ષ સુધીની કેદ અથવા બંને (A)

8. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક 2019' અંતર્ગત નહેરમાં પાણીના પ્રવાહના નિયમન અને નિયંત્રણમાં અડચણ ઊભી કરવી તથા નહેરના પાણીને પ્રદૂષિત કરવાના કૃત્ય બદલ કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) રૂ. 20 હજાર સુધીનો દંડ અથવા 6 મહિના સુધીની કેદ

(B) રૂ. 50 હજાર સુધીનો દંડ અથવા 1 વર્ષ સુધીની કેદ અથવા બંને

(C) રૂ. 1 લાખ સુધીનો દંડ અથવા દોઢ વર્ષ સુધીની કેદ અથવા બંને

(D) રૂ. 2 લાખ સુધીનો દંડ અથવા 2 વર્ષ સુધીની કેદ અથવા બંને (B)

9. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક 2019' અંતર્ગત નદીના પાણીના પ્રવાહને અનધિકૃત રીતે વાળવાના તથા નદીના કોઈ બંધ કે અવરોધ ઊભો કરવાના કૃત્ય બદલ કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) રૂ. 20 હજાર સુધીનો દંડ અથવા 6 મહિના સુધીની કેદ
(B) રૂ. 50 હજાર સુધીનો દંડ અથવા 1 વર્ષ સુધીની કેદ અથવા બંને
(C) રૂ. 1 લાખ સુધીનો દંડ અથવા દોઢ વર્ષ સુધીની કેદ અથવા બંને
(D) રૂ. 2 લાખ સુધીનો દંડ અથવા 2 વર્ષ સુધીની કેદ અથવા બંને **(C)**

10. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા 'ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક 2019' અંતર્ગત નહેરમાં છેદ પાડી, પાઈપ દાખલ કરી નહેરની મજબૂતી અને સલામતીને નુકસાન પહોંચાડવાના કૃત્ય બદલ કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) રૂ. 20 હજાર સુધીનો દંડ અથવા 6 મહિના સુધીની કેદ
(B) રૂ. 50 હજાર સુધીનો દંડ અથવા 1 વર્ષ સુધીની કેદ અથવા બંને
(C) રૂ. 1 લાખ સુધીનો દંડ અથવા દોઢ વર્ષ સુધીની કેદ અથવા બંને
(D) રૂ. 2 લાખ સુધીનો દંડ અથવા 2 વર્ષ સુધીની કેદ અથવા બંને **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 16 AUGUST, 2019 FRIDAY

### ➤ રાજકોટ વહીવટીતંત્રના 'પ્રેમના પટારા' પ્રોજેક્ટનો પ્રારંભ

જરૂરિયાતમંદ લોકોને વિવિધ ઉપયોગી ચીજવસ્તુઓ મળી રહે અને દાતાઓ આવી વસ્તુ આપી શકે તે માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને ઈન્ડિયન યંગ ગ્રૂપ દ્વારા 'પ્રેમના પટારા' નામથી એક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

- આ પોજેક્ટ અંતર્ગત લોકો પોતાના માટે બિનજરૂરી હોય તેવી વસ્તુઓ દાનમાં આપી શકશે અને જરૂરતમંદ વ્યક્તિ તે લઈ શકશે.
- આ માટે હાલ રાજકોટ કલેક્ટર કચેરી ખાતે આવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે.
- જેમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દાનમાં સ્વયં પ્રથમ કીટ આપીને આ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો.

### ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'જળ જીવન મિશન'ની જાહેરાત

15 ઓગસ્ટ 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી 'જળ જીવન મિશન'ની જાહેરાત કરી હતી.

#### જળ જીવન મિશન

ભારતમાં 'નલ સે જલ' તથા 'હર ઘર જલ'ના લક્ષ્યને પૂરું કરવા માટે 'જળ જીવન મિશન' લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ મિશન અંતર્ગત વર્ષ 2024 સુધીમાં ભારતના તમામ ગ્રામીણ પરિવારોને પાઈપ તથા નળ દ્વારા તેમના ઘરે જ પાણી મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવશે.
- આ લક્ષ્યની પૂર્તિ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને એક સાથે જોડવામાં આવશે.

- આ મિશન અંતર્ગત દેશના દરેક ગામોના દરેક પરિવારોને સતત પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે 'જળ સંચય' જેવા કાર્યો પણ કરવામાં આવશે.
- આ મિશન અંતર્ગત ભારત સરકારનો પીવાનું પાણી અને સ્વચ્છતા વિભાગ સ્થાનિક સ્તરે જળની માંગ અને તેની આપૂર્તિ તથા તેના મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રીત કરશે.



**નોંધ :** આ અગાઉ લોન્ચ કરવામાં આવેલા જલ શક્તિ અભિયાન માટે ભારતના 256 જિલ્લાના 1592 બ્લોકને અલગ તારવવામાં આવ્યા છે. જ્યાં પાણીની અછત સૌથી વધુ છે.

## ICE ? Questions

**1.** તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'પ્રેમના પટારા' પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) રાજકોટ (D) સુરત **(C)**

**2.** લોકો પોતાની બિનજરૂરી વસ્તુ દાનમાં આપી શકે અને જરૂરતમંદ લોકોને ઉપયોગી વસ્તુ મળી રહે તે માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાજેતરમાં કયા પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

(A) પ્રેમના પટારા (B) સોનાના પટારા (C) સ્નેહના પટારા (D) સુખના પટારા **(A)**

**3.** 15 ઓગસ્ટ 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના ગ્રામ્ય વિસ્તારના લોકોને નળ દ્વારા તેમના ઘર સુધી પાણી પહોંચાડવા માટે કઈ યોજનાની જાહેરાત કરી હતી ?

(A) પ્રધાનમંત્રી નલ સે જલ યોજના (B) પ્રધાનમંત્રી હર ઘર જલ યોજના

(C) જળ સુરક્ષા મિશન (D) જળ જીવન મિશન **(D)**

**4.** ભારતના તમામ ગ્રામીણ પરિવારોને 'જળ જીવન મિશન' અંતર્ગત કયાં સુધીમાં પાઈપ તથા નળ દ્વારા તેમના ઘરે જ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે ?

(A) 2021 (B) 2022 (C) 2024 (D) 2025 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 17 AUGUST, 2019 SATURDAY

### ➤ ભારતની ચાર નવી પ્રોડક્ટને GI ટેગ આપવામાં આવ્યો

તાજેતરમાં ભારતની ચાર નવી પ્રોડક્ટને GI ટેગ આપવામાં આવ્યો છે. આ ચાર પ્રોડક્ટમાં –

(1) **કેરળની તિરુર સોપારી**

(2) **મિઝોરમનું તાલોહાપુઆન ફેબ્રિક અને**

(3) **મિઝોરમના પુઆનચેઈ વસ્ત્રો**

(4) **તમિલનાડુના એક મંદિરના પ્રસાદ - પલાની પંચામૃતનો** સમાવેશ થાય છે.

- કેરળના મલપ્પુરમ જિલ્લામાં તિરુર સોપારીની ખેતી કરવામાં આવે છે.
- તાલોહાપુઆન ફેબ્રિક નામના કાપડનું ઉત્પાદન મુખ્યત્ત્વે મિઝોરમના આઈઝોલ અને થેનજાલ જેવા વિસ્તારોમાં થાય છે.
- પુઆનચેઈ એ મિઝોરમના પરંપરાગત વસ્ત્રો છે. તેમાં શાલ તથા અન્ય રંગીન વસ્ત્રોનો સમાવેશ થાય છે.
- પલાની પંચામૃત એ તમિલનાડુના પલાની હિલ્સમાં આવેલા અરુલમિગુ દંડાયુત્પનિસ્વામી મંદિરનો પ્રસાદ છે.

### GI ટેગ શું છે ?




GI ટેગમાં GIનું પૂરું નામ **'Geographical Indication'** છે.


- GI ટેગ એ કોઈ વસ્તુ કે ઉત્પાદનની **વિશિષ્ટ ભૌગોલિક ઓળખ** દર્શાવે છે.
- GI ટેગ એવી વસ્તુને આપવામાં આવે છે કે જે –
  (1) કોઈ વિશિષ્ટ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી હોય
  (2) કોઈ વિશિષ્ટ સ્થળે જ તે જોવા મળતી હોય અથવા તો તે તેનું મૂળ સ્થાન હોય
- GI ટેગનું રજીસ્ટ્રેશન **10 વર્ષ** માટે કરવામાં આવે છે. ત્યારબાદ તેને રીન્યુ કરવું પડે છે.
- ભારતમાં સૌપ્રથમ **પશ્ચિમ બંગાળ**ની **દાર્જિલિંગ ચા**ને GI ટેગ મળ્યો હતો.

## ➢ સુપ્રીમ કોર્ટે ચારધામ યોજનાને મંજૂરી આપી

ભારતમાં **ઉત્તરાખંડ**માં **900 કિલોમીટર**ના **રોડ માર્ગ** દ્વારા **ચાર ધાર્મિક સ્થળો**ને જોડવાની યોજના બનાવવામાં આવી છે.

- આ ચાર ધાર્મિક સ્થળોમાં **બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી** અને **યમુનોત્રી**નો સમાવેશ થાય છે.
- જોકે પર્યાવરણના કારણોસર આ યોજના પર રોક લગાવવામાં આવી હતી.
- હવે સુપ્રીમ કોર્ટે આ યોજનાને મંજૂરી આપી દીધી છે.
- **જસ્ટિસ નરિમાન** અને **જસ્ટિસ સૂર્ય કાન્ત** આ અંગે 22 ઓગસ્ટ, 2019 સુધીમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયને એક સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે.
- આ સમિતિની બેઠક દર ત્રણ મહિને મળશે અને તે વૃક્ષારોપણ તથા અન્ય બાબતો અંગે માર્ગદર્શન આપશે.
- સુપ્રીમ કોર્ટે આ ઉચ્ચ સ્તરિય સમિતિમાં **ભારતીય વન્યજીવ સંસ્થા** તથા **ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી**ના પ્રતિનિધિઓનો સમાવેશ કરવાનો પણ આદેશ આપ્યો છે.

**નોંધ :** ચારધામ યોજના અંતર્ગત 10 મીટર પહોળાઈનો બે લેનવાળો રાષ્ટ્રીય ધોરીમાર્ગ બનાવવામાં આવશે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. તાજેતરમાં ભારતના કયા રાજ્યની તિરુર સોપારીને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) કેરળ **(D)**

2. તાજેતરમાં ભારતના કયા રાજ્યના તાલોહાપુઆન ફેબ્રિકને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) મણિપુર (B) મિઝોરમ (C) અરૂણાચલપ્રદેશ (D) આસામ **(B)**

3. તાજેતરમાં ભારતના કયા રાજ્યના ટ્રેડીશનલ ક્લોથ પુઆનચેઈને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) મિઝોરમ (B) મણિપુર (C) કેરળ (D) તમિલનાડુ **(A)**

4. તાજેતરમાં ભારતના કયા રાજ્યના એક મંદિરના મુખ્ય પ્રસાદ અથવા તો પ્રસાદમ્ – પલાની પંચામૃતને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) કેરળ (B) તેલંગાણા (C) આંધ્રપ્રદેશ (D) તમિલનાડુ **(D)**

5. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ભારતના કયા રાજ્યની ચારધામ યોજનાને મંજૂરી આપી છે ?
(A) હિમાચલપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ (C) ઉત્તરાખંડ (D) ઝારખંડ **(C)**

6. ઉત્તરાખંડમાં 900 કિમી રોડ માર્ગ દ્વારા ચાર ધાર્મિક સ્થળોને જોડવાની યોજના બનાવવામાં આવી છે...આ ચાર સ્થળોમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?
(A) બદ્રીનાથ (B) કેદારનાથ (C) ગંગોત્રી (D) વારાણસી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ‘લિસનિંગ, લર્નિંગ એન્ડ લીડિંગ’ પુસ્તકનું શ્રી અમિતશાહના હસ્તે વિમોચન

ભારતમાં કેન્દ્રીય ગૃહમંત્રી **શ્રી અમિત શાહે** તાજેતરમાં **ચેન્નાઈ** ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં **‘Listening, Learning & Leading’** નામના પુસ્તકનું વિમોચન કર્યું છે. આ પુસ્તકમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ **શ્રી એમ. વેંકૈયા નાયડુ**ના ઉપરાષ્ટ્રપતિ તરીકેના **બે વર્ષ**ના કાર્યકાળનું વર્ણન છે.

## ➤ શ્રીમતી ચંદ્રિમા શાહાની ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે નિમણૂક

તાજેતરમાં ભારતમાં ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમી(INSA)ના પ્રમુખ તરીકે શ્રીમતી ચંદ્રિમા શાહાની નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ શ્રીમતી ચંદ્રિમા શાહા ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના પ્રથમ મહિલા પ્રમુખ બની ગયા છે. તેઓ 1 જાન્યુઆરી 2020થી આ નવો હોદ્દો સંભાળશે.

## ➤ સુશ્રી ઐશ્વર્યા પિસ્સાય બાઈક રેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા

તાજેતરમાં ભારતના સુશ્રી ઐશ્વર્યા પિસ્સાયે ઈન્ટરનેશનલ મોટરસાઈકલીંગ ફેડરેશન (IMF) દ્વારા દુબઈ ખાતે યોજાયેલી બાઈક રેસ જીતી લીધી છે. આ સાથે જ સુશ્રી ઐશ્વર્યા પિસ્સાય બાઈક રેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની ગયા છે. સુશ્રી ઐશ્વર્યા પિસ્સાયનો જન્મ 14 ઓગસ્ટ 1995ના રોજ કર્ણાટકના બેંગાલુરુ ખાતે થયો હતો.

## ➤ એર ઈન્ડિયા ઉત્તર ધ્રુવ પરથી ઉડાન ભરનારી દેશની પ્રથમ એરલાઈન બની

15 ઓગસ્ટ 2019ના રોજ નવી દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો જવા માટે એર ઈન્ડિયાના બોઈંગ-777 નામના વિમાને ઉત્તર ધ્રુવ પરથી ઉડાન ભરી હતી. આ સાથે જ એર ઈન્ડિયા ઉત્તર ધ્રુવ પરથી ઉડાન ભરનારી ભારતની પ્રથમ એરલાઈન બની ગઈ છે. આ નવા રૂટથી ઉડાનના સમયમાં એકથી દોઢ કલાકનો ઘટાડો થશે જેથી ઈંધણનો ખર્ચ ઘટશે.

## ➤ શ્રી વિરાટ કોહલી એક દશકમાં સૌથી વધુ 20,000 રન પૂરા કરનાર ક્રિકેટર બન્યા

તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી વિરાટ કોહલીએ વેસ્ટ ઈન્ડિઝ સામેની એક વન ડે મેચમાં અણનમ 114 રન નોંધાવ્યા હતા. તેમની આ ઈનિંગ દરમિયાન તેમણે 10 વર્ષના ગાળામાં 20,000 રન પૂરા કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. આ સાથે જ શ્રી વિરાટ કોહલી એક દશકમાં 20,000 રન કરનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર બની ગયા છે.

## ➤ શ્રી રિષિ કપૂર દ્વારા શ્રી અનુપમ ખેરની આત્મકથા લોન્ચ

તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી રિષિ કપૂરે ન્યુયોર્ક ખાતેથી શ્રી અનુપમ ખેરની આત્મકથાનું વિમોચન કર્યું છે. શ્રી અનુપમ ખેરની આ આત્મકથાનું નામ 'Lessons Life Taught Me Unknowingly' છે.

# વિશ્વ

## ➤ સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ મદન લોકુર ફિજીની સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ બન્યા

ભારતની સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ શ્રી મદન લોકુરે તાજેતરમાં ફિજીની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લીધા છે. આ સાથે જ જસ્ટિસ મદન લોકુર અન્ય દેશની સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ બનનાર પ્રથમ ભારતીય બની ગયા છે. ફિજીના રાષ્ટ્રપતિશ્રી જીઓજી કોનરોતોએ જસ્ટિસ મદન લોકુરને ન્યાયાધીશ તરીકે શપથ અપાવ્યા હતા.

## ICE Questions

- તાજેતરમાં કોના હસ્તે ચેન્નાઈ ખાતેથી 'લિસનિંગ, લર્નિંગ એન્ડ લીડિંગ' પુસ્તકનું વિમોચન થયું છે ? – શ્રી અમિત શાહ
- તાજેતરમાં લોન્ચ થયેલા 'લિસનિંગ, લર્નિંગ એન્ડ લીડિંગ' નામના પુસ્તકમાં કોના કાર્યકાળનું વર્ણન છે ? – શ્રી એમ. વેંકૈયા નાયડુ
- ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રીમતી ચંદ્રિમા શાહા
- તાજેતરમાં બાઈક રેસમાં વર્લ્ડ ટાઈટલ જીતનાર ભારતના પ્રથમ મહિલાનું નામ શું છે ? – સુશ્રી ઐશ્વર્યા પિસ્સાય
- તાજેતરમાં કઈ એરલાઈન ઉત્તર ધ્રુવ પરથી ઉડાન ભરનારી ભારતની પ્રથમ એરલાઈન બની ગઈ છે ? – એર ઈન્ડિયા
- તાજેતરમાં ભારતની એર ઈન્ડિયાના બોઈંગ-777 નામના વિમાને ક્યાંથી ક્યાં જવા માટે ઉત્તર ધ્રુવ પરથી ઉડાન ભરી હતી ? – નવી દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો
- એક દશકમાં સૌથી વધુ 20,000 રન કરનાર વિશ્વના પ્રથમ ક્રિકેટરનું નામ શું છે ? – શ્રી વિરાટ કોહલી
- તાજેતરમાં લોન્ચ થયેલી 'Lessons Life Taught Me Unknowingly' કોની આત્મકથા છે ? – શ્રી અનુપમ ખેર
- તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટના કયા પૂર્વ ન્યાયાધીશે ફિજીની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લીધા છે? – જસ્ટિસ મદન લોકુર
- કોઈ અન્ય દેશની સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ બનનાર પ્રથમ ભારતીય જજનું નામ શું છે ? – જસ્ટિસ મદન લોકુર
- તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ મદન લોકુરની કયા દેશની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – ફિજી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં વિશ્વની કઈ ક્રિકેટ ટીમમાં 140 કિલો વજનવાળા વિશ્વના સૌથી વધુ વજન ધરાવતા ક્રિકેટરનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – વેસ્ટ ઈન્ડિઝ
2. તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ ટીમમાં 140 કિલો વજનવાળા કયા ક્રિકેટરનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – શ્રી રાહકીમ કોર્નવોલ
3. 'વિશ્વ અંગદાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 13 ઓગસ્ટ

**4.** ભારતમાં દુષ્કર્મ અંગેના પેન્ડીંગ કેસોનો ઝડપથી ચુકાદો આવે તે માટે કેટલી ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ બનાવવામાં આવશે ? – 1000થી વધુ અથવા 1023

**5.** તાજેતરમાં કયા બે દેશો વચ્ચે વિશ્વની પહેલી કેબલ કારના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે ?

– ચીન અને રશિયા

**6.** તાજેતરમાં જર્મનીના સંશોધકો દ્વારા વિજ્ઞાનીઓના ધ્યાને ચડ્યો હોય તેવો અત્યાર સુધીનો સૌથી મોટો બ્લેક હોલ શોધ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે...આ બ્લેક હોલ કઈ ગેલેક્સીના કેન્દ્રમાં આવેલો છે ? – હોમા-15એ

**7.** તાજેતરમાં હોમા-15એ નામની ગેલેક્સીના કેન્દ્રમાં આવેલા અત્યાર સુધીના સૌથી મોટા બ્લેક હોલની શોધ કયા દેશના સંશોધકોએ કરી છે ?

– જર્મની (જર્મનીની મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટયૂટના સંશોધકોએ)

**8.** તાજેતરમાં ભારતમાં ત્રિપલ તલાક અંગેનો નવો કાયદો અમલમાં આવ્યા બાદ ભારતના કયા રાજ્યમાં આ અંગેનો પ્રથમ કેસ નોંધાયો છે ? – ઉત્તરાખંડ

**9.** તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ અનુસાર ભારતમાં વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં ભારતના કયા રાજ્યમાં GSTની આવકમાં સૌથી વધુ 20.8 ટકાનો વધારો થયો છે ? – ઓડિશા

**10.** તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ અનુસાર ભારતમાં વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં GSTની આવકમાં સૌથી વધુ વધારો ધરાવતા ભારતના 14 રાજ્યોની યાદીમાં ગુજરાત કયા ક્રમે છે ? – 13મા

**11.** ભારતમાં 73મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે દૂરદર્શન દ્વારા નિર્માણ પામેલા કયા સંગીત વીડિયોને કેન્દ્રીય મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે તાજેતરમાં લોન્ચ કર્યો હતો ?

– વતન (ગાયક : શ્રી જાવેદ અલી)

**12.** તાજેતરમાં ભારતમાં સિક્કિમના કયા પક્ષના 13માંથી 10 ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે ?

– સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ

**13.** બ્રિટનના બર્મિંગહામ ખાતે યોજાનાર વર્ષ 2022ની કોમનવેલ્થ ગેમ્સમાં કઈ રમતનો પ્રથમવાર સમાવેશ કરવામાં આવ્યો છે ? – મહિલા ક્રિકેટ (જેમાં 8 ટીમો વચ્ચે ટી-20 મેચ યોજાશે)

**14.** આશરે રૂ. 10 હજાર કરોડના ખર્ચે ભારતના કયા બે સ્થળો વચ્ચે વિશ્વની સૌથી લાંબી LPG પાઈપલાઈન નાંખવામાં આવશે ? – કંડલા (ગુજરાત)થી ગોરખપુર (ઉત્તરપ્રદેશ)

**15.** તાજેતરમાં ભારતમાં વર્ષ 2019ના વીર ચક્ર પુરસ્કારથી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?

– શ્રી અભિનંદન વર્ધમાન

**16.** તાજેતરમાં ભારતીય વાયુસેનાના જાંબાજ વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાનને કયા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – વીર ચક્ર

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. તાજેતરમાં ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓની ગ્રેજ્યુઈટી માટેની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને કેટલી કરી છે? – રૂ. 20 લાખ

18. ભારતીય ક્રિકેટ ટીમના નવા કોચ તરીકે તાજેતરમાં ફરીથી કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી રવિ શાસ્ત્રી

19. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ શ્રી જોકો વિડોડોએ તાજેતરમાં જકાર્તાને સ્થાને કયા ટાપુને ઈન્ડોનેશિયાની નવી રાજધાની બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે ? – બોર્નિયો

20. તાજેતરમાં શ્રી વી.બી. ચંદ્રશેખરે આત્મહત્યા કરી છે... તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – ક્રિકેટ

21. તાજેતરમાં 'વિશ્વ આદિવાસી દિવસ'ના પ્રસંગે ભારતના કયા રાજ્યની સરકારે આદિવાસીઓની લોન માફ કરવાની જાહેરાત કરી છે ? – મધ્યપ્રદેશ

22. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં આદિવાસીઓ માટે મુખ્યમંત્રી મદદ યોજના' લોન્ચ કરવામાં આવી છે ? – મધ્યપ્રદેશ

23. તાજેતરમાં CBIના પ્રોસિક્યૂશન ડાયરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રીમતી સુધા રાણી રેલંગી

24. તાજેતરમાં ભારતે પાંચ વન્યજીવ પ્રજાતિઓના સંરક્ષણ સ્ટેટસમાં ફેરફાર કરવા માટે CITESમાં પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ CITESનું વડું મથક કયાં આવેલું છે ? – વોશિંગ્ટન ડિસી

25. ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા તાજેતરમાં રાજસ્થાનના કયા જિલ્લામાંથી 'લેધર મિશન' લોન્ચ કરવામાં આવ્યું છે ? – સિરોહી (જિલ્લાના ચંદાલા ગામમાંથી)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

26. તાજેતરમાં ભારતના કયા શહેરમાંથી ભારતની પ્રથમ ક્લિનિકલ ઈકોટોક્સિકોલોજી સુવિધા લોન્ચ કરવામાં આવી છે ? – નવી દિલ્હી

27. તાજેતરમાં ભારતની કઈ IIT દ્વારા 'પ્રોજેક્ટ વોટર ચક્ર' અંતર્ગત માનવીય મૂત્રને રિસાઈકલ કરવાની સિસ્ટમ વિકસાવવામાં આવી છે ? – IIT મદ્રાસ

28. તાજેતરમાં મહારાષ્ટ્રમાં રોડની માળખાકીય સુવિધા સુધારવા માટે કઈ સંસ્થાએ 200 મિલિયન ડોલરની લોન મંજૂર કરી છે ? – એશિયન ડેવલપમેન્ટ બેન્ક(ADB)

29. તાજેતરમાં કયા દેશે ભારતનો ગેરકાયદેસર ડ્રગ ઉત્પાદન અને પરિવહન કરતા દેશોની યાદીમાં સમાવેશ કર્યો છે ? – અમેરિકા

30. તાજેતરમાં કયા ક્રિકેટ બોર્ડે ટ્રાન્સજેન્ડર અને લૈંગિક વિવિધતા નીતિ લોન્ચ કરી છે ? – ક્રિકેટ ઓસ્ટ્રેલિયા

31. તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ક્લાઉડ ટેક્નોલોજી માટે કઈ કંપની સાથે પાર્ટનરશીપ કરી છે ?

– માઈક્રોસોફ્ટ

32. તાજેતરમાં કઈ બેન્કે ભારતનું પ્રથમ આરોગ્ય લક્ષી ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું છે ? – RBL બેન્ક

33. તાજેતરમાં હૈદરાબાદ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2019માં 'મેન્સ સિંગલ્સ' નું ટાઈટલ કોણે જીત્યું છે ?

– શ્રી સૌરભ વર્મા

34. તાજેતરમાં ભારતના કયા રેસલરે જ્યોર્જિયાના ત્બિલિસી ગ્રાન્ડ પ્રિક્સમાં 65 કિગ્રા વજન વર્ગની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો છે ? – શ્રી બજરંગ પુનિયા

35. તાજેતરમાં ભારતીય સેના દ્વારા જીવન જરૂરી વસ્તુ ઉપલબ્ધ કરાવવા માટે જમ્મુ કાશ્મીરમાં કયું મિશન હાથ ધરવામાં આવ્યું હતું ? – મિશન રીચ આઉટ

36. રાજકીય રિપોર્ટીંગ માટે કયા ભારતીય પત્રકારને તાજેતરમાં વર્ષ 2019ના પ્રેમ ભાટિયા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી રાજદીપ સરદેસાઈ

37. એક દિવસમાં સૌથી વધુ મુલાકાતીઓની સંખ્યાને આધારે તાજેતરમાં એશિયાનું 'મોસ્ટ વિઝિટેડ' સંગ્રહાલય કોને જાહેર કરવામાં આવ્યું છે ?

– વિરાસત–એ–ખાલસા (આનંદપુર સાહિબ, પંજાબ)

38. તાજેતરમાં જૈવ ઈંધણ અંગે રાષ્ટ્રીય નીતિ લાગુ કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – રાજસ્થાન

39. તાજેતરમાં 'હિંદ છોડો આંદોલન' ની 77મી વર્ષગાંઠ નિમિત્તે 'વૃક્ષારોપણ મહાકુંભ' નામથી અભિયાન હાથ ધરીને ભારતના કયા રાજ્ય દ્વારા 22 કરોડ છોડ રોપીને વિશ્વ રેકોર્ડ સર્જવામાં આવ્યો છે ? – ઉત્તરપ્રદેશ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.